# હવે ગાંધીનગરમાં કોરોનાના ૨૩ કેસ

## ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં ૪ દર્દીઓ અને અન્ય ૫ દર્દીઓ અમદાવાદ સીવીલ ખાતે સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૨૫

આરોગ્ય વિભાગની સત્તાવાર યાદીમાં આજે ગાંધીનગરના વધુ ચાર કેસનો ઉમેરો કરાયો છે. વાસ્તવમાં જે ગઈકાલે સ્થાનિક સમાચારોમાં વહેતા થયા હતા. જેમાં ઈટાદરાના વૃદ્ધ, દહેગામના એક પુરુષ, ગાંધીનગરના ફીઝીશીયન, રાંધેજા એપીએમસીના કર્મયોગી તથા સેક્ટર-૫ની યુવતી જે અમદાવાદમાં સારવાર લઈ રહી છે. આ ઉપરાંત દહેગામના પાલૈયાનો યુવાન કિડની ઈન્સ્ટીટ્યુટમાં ફરજ બજાવે છે એ પણ અમદાવાદ સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં અમદાવાદમાં ફરજ બજાવતા ૬થી વધારે યુવકો અમદાવાદ સારવાર લઈ રહ્યા છે. જ્યારે શહેરની સેક્ટર-૫ની યુવતી પણ અમદાવાદ સારવાર લઈ રહી છે. હાલ ગાંધીનગર સીવીલમાં કોરોના પોઝિટિવના ૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે જેમાં લોદરાના વૃદ્ધા, ગાંધીનગર સીવીલ હોસ્પિટલના ફીઝીશીયન, રાંધેજા એપીએમસીના કર્મયોગી અને ઈટાદરાના વૃદ્ધનો સમાવેશ થાય છે. બાકીના તમામ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# સે. ૭ના ફૂટના વેપારીના પરિવારના ૧૩ સભ્યો ક્વોરોન્ટાઈન કરાયા



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં સે. ૭માં ફૂટનો હોલસેલનો ધંધો કરતા એક વેપારીને ત્યાં ખંભાતથી આવેલા તેમના સગાને કોરોના પોઝીટીવ નીકળતાં વેપારી પરિવારના ૧૩ સભ્યોને મનપાના તંત્રએ ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ વેપારીના સાઢુભાઈ ખંભાત રહે છે. ત્યાં ફ્રેક્ચર થતાં સારવાર માટે આવ્યા હતા. જેમને સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવતાં સિવિલ હોસ્પિટલ ખાતે કોરોનાનો ટેસ્ટ પોઝીટીવ આવતાં શહેર મનપાનું તંત્ર પણ હરકતમાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે મનપાએ આ દર્દીના કોન્ટેક્ટ પર્સન તરીકે ૧૩ વ્યક્તીને ફેસેલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડ્યા છે. મનપાના ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં હાલ ૩૦ થી વધુ લોકો છે જ્યારે ૨૦૦થી વધુ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૬ જેટલા ટેસ્ટ રેપીડ ટેસ્ટ કીટથી કરવામાં આવ્યા છે અને બધા જ રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. હાલ શહેરમાં કોરોનાના ૧૩ કેસ નોંધાયેલા છે. જેમાં ૧૧ને રજા અપાઈ છે. બે દર્દી સારવાર હેઠળ છે જ્યારે એક દર્દીનું સારવાર દરમ્યાન મૃત્યુ થયુ હતુ.

# શહેરમાં વેપારમાં આંશિક છુટછાટ

## સેકટરોમાં સ્થિત નાની મોટી દુકાનો ખુલ્લી રહેશે : હોટલ રેસ્ટોરન્ટ, પાન માવાની દુકાનો, આઇસ્ક્રીમ પાર્લરો, ટીસ્ટોલ, શોપિંગ મોલ બંધ રહેશે : દુકાનો પર સોશિયલ ડીસ્ટન્સીંગનુ કડક પાલન કરવાનુ રહેશે : વેપારીઓએ ફરજિયાત માસ્ક પહેરવાનો રહેશે : નાગરિકો બિનજરૂરી ઘરની બહાર નિકળશે તો પોલીસ કાર્યવાહી કરશે

ગાંધીનગર તા ૨૫

કોરાનાની મહામારી વચ્ચે છેલ્લા ૩૨ દિવસથી સુનકાર ભાસતુ શહેર આજથી થોડુ જીવંત બનશે. સરકારે નાની મોટી દુકાનો દિવસો એક મહીનાના અંતે દુકાનોના તાળા ખુલશે. જો કે સેકટરોના શોપિંગ કોમ્પલેક્ષોના તાળા નહીં ખુલે સરકારની ગાઈડ લાઈન મુજબ દુકાનો ખુલ્લી રાખી ખુલ્લી રાખવા માટે મંજુરી આપતા સેકટરોના શોપિંગ બજારો ધમધમશે. લોકડાઉન દરમિયાન આંશિક છુટછાટ અપાતા નાના વેપારીઓને રાહત થશે. જો કે આ માટે વેપારીઓએ શરતોનુ પણ પાલન કરવાનુ રહેશે. નાગરિકોને પણ બિનજરૂરી ઘરની બહાર ન નિકળવા માટે પણ સરકારે અપીલ કરી છે. આજે અખાત્રીજના શુભ શકાશે.નગરનુ જનજીવનમાં પણ થોડી રોનક આવશે. દુકાનો પર સોશિયલ ડીસ્ટન્સીંગનુ યોગ્ય પાલન થાય તે માટે પણ કડક સુચના આપવામાં આવી છે.

આખરે લાંબા સમયના લોકડાઉન બાદ આજથી સરકારે આંશિક છુટછાટ આપવાનો નિર્ણય લીધો છે. જેના લીધે શહેરમાં આજથી નાની મોટી દુકાનો ધમધમતી થશે. શોપિંગ બજારો છેલ્લા ૩૨ દિવસથી બંધ છે. નગરના જનજીવનમાં પણ સન્નાટો છવાયેલો છે. શહેરમાં છેલ્લા એક મહીનાથી માત્ર શાકભાજી , દુધ અને દવાની દુકાનો જ ખુલ્લી જોવા મળી રહી છે. જયારે આજે સરકારે લોકડાઉનમાં રાહત આપવાની જાહેરાત કરતા નાના વેપારીઓને હાંશકારો થયો છે. તા ૨૬ એપ્રિલથી આંશિક રાહત સાથે લોકડાઉનમાં જરૂરી છુટછાટ આપવામાં આવી છે. અખાત્રીજના શુભ દિવસે લાંબા સમયના અંતે નગરના કેટલાક નાના વેપારીઓ વેપારના શ્રીગણેશ કરશે. શહેરમાં નાની મોટી દુકાનો ખુલશે. જેને અનુલક્ષીને વેપારીઓએ શનિવારે સાંજથી જ તૈયારીઓ પણ કરી લીધી છે. સેકટરોના શોપિંગમાં રવિવારથી થોડી રોનક જોવા મળશે. શહેરમાં છેલ્લા એક મહીનાથી માત્ર જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનુ જ વેચાણ થાય છે. અલબત્ત આ વસ્તુઓમાં પણ માત્ર દુધ, શાકભાજી અને દવાનો જ સમાવેશ થાય છે. ત્યારે લાંબા સમયથી ઘરમાં કેદ નાગરિકો અન્ય જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવાની પણ અનિવાર્યતા પણ દર્શાવી રહ્યા છે. કોરોના ઈફેકટના લીધે સમગ્ર દેશમાં તાળા વાગેલા છે. વેપાર ધંધા બંધ છે. ત્યારે સરકારે લાંબા લોકડાઉન બાદ આંશિક રાહત સાથે જનજીવનને પુન: ગતિમાન કરવા માટે ગતિવિધિઓ આરંભી છે. જો કે હજુ પણ હોટ સ્પોટ વિસ્તારમાં તેમજ જે વિસ્તારમાં કલસ્ટર કોરેન્ટાઈન કરવામાં આવ્યુ હોય તેવા ઠેકાણે સ્થિત દુકાનો બંધ રાખવા માટે પણ કડક સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત શહેરમાં હજુ સલુન, સ્પા તેમજ હોટલ રેસ્ટોરન્ટો અનો પાન મસાલાના ગલ્લાઓ અને ટી સ્ટોલ, આઈસ્ક્રીમ પાર્લરો બંધ રાખવા પણ સરકારે સુચના આપી છે. પાન માવાના રસિયાઓ આ મામલે નિરસતા સેવી રહ્યા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



## સેકટરોમાં સ્થિત ચીપટાઈપની દુકાનો જ ખુલ્લી રહેશે..

ગાંધીનગરમાં એક મહીનાના જડબેસલાક લોકડાઉન બાદ સરકારે આજે લોકડાઉનમાં આંશિક રાહત આપવાની જાહેરાત કરી છે. જે અન્વેય આજથી સેકટરોમાં નાની મોટી દુકાનોના તાળા ખુલશે પરંતુ આ મામલે સરકારે આપેલી છુટછાટ અંગે પણ વેપારીઓએ પુરતી સમજણથી દુકાનનુ તાળુ ખોલવાનુ રહેશે. શહેરના મોટા શોપિંગ કોમ્પલેક્ષો ખુલશે નહીં. શહેરમાં લોકડાઉનમાં અપાયેલી આંશિક છુટછાટ મુજબ સરકારીની ગાઈડલાઈન અન્વયે મોલશોપિંગ કોમ્પલેક્ષ સિવાય ગુમાસ્તા ધારા હેઠળ નોંધાયેલી હોય તે દુકાનો ખુલ્લી રહેશે. જે અન્વયે સે-૨૧, ૭, ૧૧, ૨૪, ઈન્ફોસીટી, સે-૬ શોપિંગ કોમ્પલેક્ષ સહીત સેકટરોની અન્ય ગુમાસ્તા ધારા અન્વયે નોંધણી ન થઈ હોય તેવી મોટી દુકાનો પણ ખોલી શકાશે નહીં આ દુકાનો બંધ રહેશે. આ ઉપરાંત હોટલ રેસ્ટોરન્ટ, પાન મસાલા, ટી સ્ટોલ સલુન તેમજ સ્પાની દુકાનો પણ બંધ રાખવાની રહેશે. અલબત્ત માત્ર સેકટરોમાં સ્થિત ચીપ ટાઈપની દુકાનો ખુલ્લી રહેશે તેમ પણ સ્પષ્ટ થયુ છે.

# જિલ્લામાં બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે તંત્ર વિચારે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં બાગાયતી પાકોના ઉત્પાદનની યોગ્ય વેચાણ વ્યવસ્થાના અભાવે આ ખેડૂતોની હાલત કફોડી બની છે.

ગાંધીનગર જિલ્લા સરપંચ એસો.ના પ્રમુખ વિનુભાઈ પટેલે આ અંગે જિલ્લા કલેક્ટરને પત્ર લખી આ ખેડૂતો તરફ ધ્યાન આપવામાં આવે તેવી રજુઆત કરી છે. તેમણે લખેલા પત્રમાં આ ખેડૂતોએ લીધેલા ધિરાણમાં પણ રાહત મળે તે દિશામાં પેકેજ જાહેર કરવુ જોઈએ તેવી માંગ કરી છે.

જિલ્લામાં ૫ હજાર હેકટરથી પણ વધુ વિસ્તારમાં બાગાયતી પાકોની ખેતી થાય છે. વિનુભાઈ પટેલે જણાવ્યુ છે કે આ ખેડૂતોને તેમના ઉત્પાદન ફેંકી દેવાના દિવસો છે ત્યારે તંત્ર સકારાત્મક અભિગમ સાથે આ દિશામાં પગલાં લે તેવી માંગ કરી છે.

તેમણે અન્ય એક પત્રમાં આર્થિક રીતે નબળી પંચાયતોને પગાર ખર્ચ સહિતના અન્ય ખર્ચ માટે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવે તેવી માંગ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને કરી છે.

# મધ્યપ્રદેશના શ્રમિકોને બે બસ દ્વારા ગાંધીનગરથી રવાના કરાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ખાતે બે આશ્રય છાવણીમાં રહેલા મધ્યપ્રદેશના ૪૫ જેટલા શ્રમિકોને આજે બે બસ દ્વારા મધ્યપ્રદેશની સરહદ પર મોકલવા રવાના કરવામાં આવ્યા છે.

ઓમ ઈન્ટરનેશનલ સ્કૂલ અને કડી સર્વ વિદ્યાલય ખાતે છેલ્લા ૨૫ દિવસથી આ શ્રમિકોને રાખવામાં આવ્યા હતા.

આજે મોડી સાંજે મધ્યપ્રદેશની સરકારની રજુઆત પછી સરકાર દ્વારા નિર્ણય લેવાતાં તંત્ર દ્વારા બે બસોની મદદથી આ શ્રમિકોને મોકલવામાં આવી રહ્યા છે. જો કે હજુ આ છાવણીમાં અન્ય રાજ્યોના શ્રમિકો છે.

તંત્ર દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે બે બસની વ્યવસ્થા કરવામાં આવી છે. મોડી સાંજે અર્થાત્ રાતના ૮ વાગ્યાની આસપાસ આ બસો રવાના કરવામાં આવી છે.



# લોકડાઉન પૂર્ણ થતાં મજૂરો-શ્રમિકની ઘરવાપસી થઈ શકે

## રાજય સરકાર દ્વારા પણ ગુજરાતમાં એસટી બસોને તૈયાર રાખવાના એસટી નિગમને નિર્દેશ આપ્યા હોવાના હેવાલ

ગાંધીનગર,તા.૨૫

કેન્દ્ર સરકાર દ્વારા દુકાનો ખોલવાની છૂટ મામલે સીએમ વિજય રૂપાણીએ મહત્વનો નિર્ણય લીધો છે. આવતીકાલથી રાજ્યમાં શરતોને આધીન દુકાનો ખુલશે. નાના-મોટા દુકાનદારો, ધંધા-વ્યવસાયકારોના હિતમાં આ નિર્ણય લેવાયો છે. મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં નિર્ણય લેવાયો છે. ત્યારે બીજી તરફ રાજય સરકાર દ્વારા લોકડાઉન વચ્ચે એસટી બસોને તૈયાર રાખવાના આદેશ એસટી નિગમને અપાયા છે. લોકડાઉન પૂર્ણ થતાં જ પ્રાથમિકતાના ધોરણે મજૂરો-શ્રમિકોને ઘરવાપસી કરાવવા કેન્દ્ર સરકારે રાજય સરકારો સાથે મહ્ત્વપૂર્ણ ચર્ચા વિચારણા અને આયોજન હાથ ધર્યા છે. જેના અનુસંધાનમાં ગુજરાત સરકારે પણ તૈયારી કરી રાખી છે. જેમાં ભુજ એસટી ડેપોને ૧૦૦ બસ તૈયાર કરવા સૂચના જારી કરાઈ છે, અહીંથી બો બસ મહુવાથી મધ્યપ્રદેશ જશે. તો આ જ પ્રકારે, સુરત એસટી વિભાગને પણ સ્ટેન્ડ ટુ રહેવા આદેશ અપાયો છે.


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની અંજલિ



**સ્વ. નરસિંહભાઈ એચ. ગોગારી । સ્વ. નર્મદાબેન નરસિંહભાઈ ગોગારી**

સ્વ. તા. ૨૬/૪/૨૦૧૯, શુક્રવાર (ચૈત્ર વદ સાતમ ૨૦૭૫)

સ્વજન ગુમાવ્યાની વેદના શબ્દોમાં સમાતી નથી.
તમે હતા તો અમને હૂંફ હતી, તમારી હયાતી આરું આત્મબળ હતું.
જીવન એવું જીવી ગયા કે સદા સૌ યાદ કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
શું આપીએ પુષ્પાંજલિ, પુષ્પો ઓછા પડે છે.
કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય કાળજુ કંપાવી ગઈ.
મન હજુ માનતું નથી કે, તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

- પટેલ પ્રદિપકુમાર નરસિંહભાઈ ગોગારી - કર્મયોગ પ્લાય એન્ડ હાર્ડવેર
- પટેલ પરસોત્તમભાઈ હંસરાજભાઈ ગોગારી - પ્રભાત ટીમ્બર ટ્રેડર્સ
- પટેલ રાજારામભાઈ હંસરાજભાઈ ગોગારી - શાઈન પોલીમર્સ
- પટેલ રામજીભાઈ વાલજીભાઈ ગોગારી - રાજધાની ગૃપ
- પટેલ લક્ષ્મણભાઈ વાલજીભાઈ ગોગારી - ભગવતી સો-મીલ

- પટેલ ચંદુલાલ રામજીભાઈ ગોગારી
- પટેલ શાન્તિલાલ રામજીભાઈ ગોગારી
- પટેલ નવિનભાઈ રામજીભાઈ ગોગારી
- પટેલ દિનેશભાઈ રામજીભાઈ ગોગારી
- પટેલ દિનેશભાઈ લક્ષ્મણભાઈ ગોગારી
- પટેલ કિર્તીભાઈ લક્ષ્મણભાઈ ગોગારી
- પટેલ દિલીપભાઈ પરસોત્તમભાઈ ગોગારી
- પટેલ મનોજભાઈ રાજારામભાઈ ગોગારી
- પટેલ બિપીનભાઈ રાજારામભાઈ ગોગારી

તેમજ સમસ્ત ગોગારી પરિવાર - ગાંધીનગર



## દુ:ખદ અવસાન



અમારા ચિ. સુપુત્ર **પ્રદ્યુમનસિંહ કેશરીસિંહ બિહોલાનું** તા. ૨૩/૪/૨૦ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્માને ગમ્યું તે ખરું. તેમના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે.

હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ લૌકિક ક્રિયાઓ બંધ રાખવામાં આવેલ છે.

ગામ : ખોડીયારવાસ, પાલજ, તા.જી. ગાંધીનગર,

**કેશરીસિંહ જી. બિહોલા**

પ્રમુખ : ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ

પરેશસિંહ દિપુસિંહ બિહોલા (ભાઈ) | નિકુલસિંહ કેશરીસિંહ બિહોલા (ભાઈ)
કનકસિંહ દિપુસિંહ બિહોલા (ભાઈ) | દિપુસિંહ ગાંડાજી બિહોલા (મોટા બાપુજી)
સિદ્ધરાજસિંહ પરેશસિંહ બિહોલા (ભત્રીજા) | જયસિંહ કનકસિંહ બિહોલા (ભત્રીજા)

મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com